# બસ, બધાથી પર થવું છે,જાતમાં સરભર થવું છે!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

ગુણુ મહારાજનું માંડવીના મારુતિનગરમાં આવેલું ઘર સાવ સામાન્ય. ઘરમાં રહેનારા પણ બે જ જણ-ગુણુ મહારાજ પોતે અને એમનો લાડકો દીકરો વિનય. વિનયની મમ્મી તો એને નાનો મૂકીને જ ચાલી ગયેલી એટલે ગુણુ મહારાજે એને મા અને બાપ બન્ને બનીને ઉછેરેલો.

“વિનુ,’’ રસોઈ તૈયાર થાય એટલે ગુણુ મહારાજ બૂમ પાડતા, “ચાલ બેટા, જમી લે, પછી વાંચજે.”

વિનુ પણ વાંચવાનું પડતું મૂકીને જમવા બેસી જતો. બાપ-દીકરો જમી લે એટલે વિનય રસોઈનાં બધાં વાસણો સાફ કરી નાખતો ને ફરી વાંચવા બેસી જતો.

ગુણુ મહારાજને બીજું તો કૈં કામ નહોતું, માત્ર ભીડભંજન હનુમાનજીના પૂજારી તરીકે સવાર-સાંજ દીવાબત્તી ને આરતી કરવાની ને મંદિરની દેખરેખ રાખવાની.

જો કે એમને પગાર પણ મળતો હતો ને લોકો આરતીમાં પણ પૈસા નાખતા હતા એટલે ગુણુ મહારાજને પોતાનું ઘર ચલાવવામાં કે વિનયને આગળ ભણાવવામાં કોઈ મોટી તકલીફ પડતી નહીં.

બારમા ધોરણમાં વિનય માંડવી સેન્ટરમાં ફર્સ્ટ આવ્યો ને ગુણુ મહારાજે તો નહીં પણ એમની સોસાયટીવાળાઓએ પાર્ટી આપી. વિનુને આગળ અભ્યાસ કરવાની સલાહ પણ પાર્ટીમાં જ આપી.

“બેટા વિનુ,” એ રાત્રે ગુણુ મહારાજે વિનયને પૂછ્યું, “હવે આગળ શું ભણવું છે તારે?”

“પપ્પા,” વિનય બોલ્યો, “મારે સુરત કોલેજમાં એડમિશન લઈને ઈકોનોમિક્સ સાથે બી.એ. ને પછી એમ.એ. કરવું છે, પછી આગળ શું કરવું એ પછી નક્કી કરીશ.’’

“એમાં ખર્ચો કેટલો થાય બેટા?” ગુણુ મહારાજે સહજ જ પૂછ્યું.

“પપ્પા,” વિનય બોલ્યો, “હું બસમાં અપ-ડાઉન કરીશ. ખર્ચામાં તો બસનો પાસ કઢાવવો પડે એ ખર્ચ, કપડાં લેવા પડે, પુસ્તકો ને નોટો લેવી પડે એ ખર્ચ. બીજો કોઈ ખર્ચો હું કરવા નથી માગતો. ચ્હાપાણી ને નાસ્તા વિના પણ હું ભણી શકીશ.” ‘‘શાબાશ બેટા,’’ ગુણુ મહારાજ ખુશ થઈને બોલ્યા, “મેં બચાવેલા પાંચેક હજાર પડ્યા છે, એટલામાંથી અત્યારે ચલાવજે ને હું વળી ભેગા કરતો રહીશ એટલે તને વાંધો નહીં આવે.” “સારું પપ્પા,” વિનય બોલ્યો, “કોલેજમાં પહેલી જૂનથી એડમિશન અપાશે એટલે હું પહેલી જૂને જ સુરત પહોંચી જઈશ. તમે એ વખતે પૈસા આપજો.”

“આપણે ક્યાં તિજોરી છે દીકરા?” ગુણુ મહારાજ હસ્યા, “જો, સામે કબાટમાં કપડાં નીચે તારી મમ્મી પૈસા મૂકતી હતી, એ જગ્યાએ, એ જ પૈસા ઉપર હું પણ પૈસા મૂકું છું. તારે જ્યારે જોઈએ ત્યારે લઈ લેજે.” મે મહિનામાં વિનયે પૈસા લીધા ને જૂનની પહેલી તારીખે એ સુરત એમ.ટી.બી. કોલેજના ગેટમાં દાખલ થયો. એના માર્કસ પ્રમાણે એને તરત જ એડમિશન મળી ગયું.

એ પછી એ સુરતના બજારમાં ગયો.

“એ વિનુ,” અચાનક એના કાને અવાજ આવ્યો, ને એણે ચમકીને પાછળ જોયું.

એમનાં ઘેર ક્યારેક ક્યારેક આવતા ને પૂજાપાઠ ને ભક્તિમાં શ્રધ્ધા ધરાવતાં અશ્વિનભાઈ કામદાર એને બોલાવતા હતા.

“ઓહો અશ્વિનકાકા,” વિનયે એમને વંદન કર્યા, “હું બજારમાં કપડાં લેવા આવ્યો છું. એમ.ટી.બી. કોલેજમાં એડમિશન લીધું છે એટલે સારાં કપડાં તો જોઈએ ને?”

“ચાલ,” અશ્વિનભાઈ એનો હાથ પકડીને નજીકના શો-રૂમમાં લઈ ગયા ને ચાર-પાંચ જોડી સરસ કપડાં પસંદ કરાવ્યાં. અશ્વિનભાઈએ જ બિલ ચૂકવ્યું.

“અરે કાકા,” વિનય બોલ્યો, “હું પૈસા લાવ્યો જ છું, તમે રહેવા દો.’’

“વિનુ,” અશ્વિનભાઈ બોલ્યા, “તું ગુણુભાઈ જેવા નિઃસ્વાર્થ બ્રાહ્મણનો દીકરો છે, તારો હક્ક છે મારી પાસેથી તું માગે એ લેવાનો. હજી પણ તને ક્યારેય કંઈ મદદની જરૂર પડે, ત્યારે મને ફોન કરી દેજે, હું હાજર થઈ જઈશ. હા, હમણાં મારા દીકરાની લીવરની સારવાર ચાલે છે એટલે હું મુંબઈ વધારે હોઉં છું પણ તું ફોન કરજે, તારું કામ ફોન પર જ પતાવી દઈશ.” એ પછી વિનયે પુસ્તકોની દુકાને જઈને જરૂરી પુસ્તકો અને નોટસ ખરીદી લીધાં ને સાંજની બસમાં તો એ પાછો માંડવી આવી ગયો.

“પપ્પા,” એણે ઘેર જઈને કહ્યું, “કપડાં તો અશ્વિનભાઈએ અપાવી દીધા! એના પૈસા એમણે જ આપ્યા, મને ધરાર ન આપવા દીધા.’’


“એ ભલા માણસ છે,” ગુણુભાઈ બોલ્યા, “એમના દીકરાની માંદગીનું દુઃખ એ પોતે વેઠે છે. હું પણ રોજ ભીડભંજન હનુમાનજીને એમના દીકરાના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરું જ છું, એ સાંભળશે જ.”

એ પછી તો વિનયનો અભ્યાસ શરૂ થઈ ગયો. બસના સમય એને અનુકૂળ હતા એટલે કોઈ પણ તકલીફ વિના કોલેજનાં ત્રણ વર્ષ પૂરાં થયાં ને પ્રથમ વર્ગમાં એણે બી.એ.ની પરીક્ષા પાસ કરી નાખી. ફરી સોસાયટીવાળાઓએ પાર્ટી રાખી ને એને એમ.એ. કરવાનું કહ્યું.

વીર નર્મદ યુનિવર્સિટીમાં વિનયે અર્થશાસ્ત્ર સાથે એમ.એ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો.

જોતજોતામાં એ વરસ પસાર થઈ ગયું, ને તાપીમાં પાણી વહેતું રહ્યું ને બીજું વરસ પણ એની સાથે જ વહી ગયું!!

વિનયે એમ.એ. પણ પ્રથમ વર્ગમાં પાસ કર્યું. આ વખતે એ યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો હતો!




**બાપ તરીકે તને ઉછેરવાની જવાબદારી મારી હતી. હવે તું તને ગમતી છોકરી જોડે લગન કરે તો હું શું કરી શકું? હા, એટલું નક્કી કે લગન પછી તમે બન્ને અહીં ન આવતાં. મને મારી બતાવેલી છોકરી સાથે તેં લગન ન કર્યા એ નથી ગમ્યું**

આ વખતે તો સોસાયટીવાળાઓએ ભીડભંજન મહાદેવના મંદિરના પ્રાંગણમાં જ જમણવાર રાખ્યો.

હવે વિનયને ચાનક ચડી હતી. આગળ કોઈ મોટી પોષ્ટ મળે એ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની એની ગણતરી હતી.

એણે મનોમન નક્કી કરી લીધું - બનવું તો કલેકટર જ છે. ભલે ગમે તેટલી મહેનત કરવી પડે.

“પપ્પા,” એણે રાત્રે જ ગુણુભાઈને કહ્યું, “મારે કલેક્ટર બનવું છે. એની પરીક્ષા હવે લેવાશે. યુ.પી.એસ.સી.ની પરીક્ષા છે એટલે મહેનત ખૂબ પડશે પણ હું પહોંચી વળીશ. તમારું નામ રોશન કરીશ પપ્પા.”

“ભલે દીકરા,” ગુણુભાઈ બોલ્યા, “પણ મારી એક વાત સાંભળ, બાજુમાં ખેડપુર ગામમાં એક બ્રાહ્મણ પરિવાર છે, એ રજનીભાઈ મારા સંબંધી છે. એમની દીકરી સરસ છે. મને ગમી છે. એની સાથે તારું સગપણ કરવાની મારી ઈચ્છા છે. છોકરી ભણી નથી પણ કામકાજમાં બહુ સારી છે. તું સગપણ કરીને ભણવાનું શરૂ કર, પરીક્ષામાં પાસ થા પછી લગનનું વિચારીશું.”

“પપ્પા,” વિનય હસ્યો, “હજી મારું ભણવાનું શરૂ પણ નથી થયું ને તમે લગનની વાત કરો છો! હમણાં ત્રણ-ચાર વરસ વાત જ ન કરતા. હું મારી જાતે જ કહીશ.”

“જાતે કહેજે,” ગુણુભાઈ બોલ્યા, ‘‘પણ જાતે લગન ન કરી લેતો, નહીં તો હું ગામમાં મોઢું નહીં બતાવી શકું.”

“એ વખતની વાત એ વખતે પપ્પા,’’ વિનય બોલ્યો, “હું હવે તૈયારીમાં લાગી જાઉં છું.’’ વિનયે ફોર્મ ભરી દીધું ને તૈયારી શરૂ કરી દીધી. પ્રાઈમરી પરીક્ષા સરળતાથી પાસ કરીને એણે ફાઈનલની પરીક્ષા આપી ને બહુ સારા ગુણાંક સાથે એ પાસ થયો! મૌખિકમાં પણ એનું પર્ફોર્મન્સ બહુ સરસ રહ્યું. આ રીતે, ત્રીજા વરસે વિનય કલેક્ટર બની ગયો. જો કે પોસ્ટિંગ અગાઉ સ્પીપામાં ટ્રેનિંગ લેવાની હતી એટલે એ અમદાવાદ ગયો.

સ્પીપાની ટ્રેનિંગ દરમ્યાન એનો પરિચય થયો માલિની શાહ સાથે. એણે જી.પી.એસ.સી. પાસ કરીને તાલુકા ડેવલપમેન્ટ ઓફિસરની જગ્યાની પસંદગી કરી હતી.

ટ્રેનિંગ દરમ્યાન બન્ને નજીક આવ્યાં. બપોરે બન્ને સાથે જ ચા પીવા બહાર હોટેલમાં જતાં, ક્યારેક સાથે નાસ્તો પણ કરતાં. ટ્રેનિંગ પૂરી થઈ અને બન્ને છૂટાં પડ્યાં. જો કે, બન્નેના હૈયામાં આ મુલાકાતોની છાપ જડાઈ ચૂકી હતી. માલિની હતી પણ સુંદર અને સંસ્કારી ને વિનય પણ એવો જ હતો એટલે ધાર્યું હોત તો બન્ને પ્રેમનો એકરાર કરી શકેત પણ એ ન થયું. વિનયનું પોસ્ટિંગ વલસાડના કલેક્ટર તરીકે થયું એટલે પિતાજીની રજા લઈને એ વલસાડ જવા નીકળી ગયો. અલબત્ત, શનિવારે પાછો આવવાનો વાયદો કરીને.

શનિવારે વિનય ઘેર આવ્યો ત્યારે એને સમાચાર મળ્યા કે, માલિની તો અહીં, માંડવીમાં જ તાલુકા વિકાસ અધિકારી તરીકે છે! એ તરત જ એને મળવા ઉપડ્યો. માલિની એને જોઈને આશ્ચર્ય પામી.

“વિનય,” એણે કહ્યું, “તું અહીં ક્યાંથી?”

“અરે,” વિનય બોલ્યો, “આ મારું ગામ છે, અહીં મારું ઘર છે ને મારા પિતાજી છે. ચાલ, મારા ઘેર. આપણે સાંજે સાથે જમીશું.” માલિનીને લઈને વિનય ઘેર પહોંચ્યો ત્યારે ગુણુભાઈ ઘેર જ હતા. વિનયે એમને માલિનીનો પરિચય કરાવ્યો. માલિનીએ એમને ચરણસ્પર્શ કરીને વંદન કર્યા. એ સાંજે રસોઈ માલિનીએ જ બનાવી. ગુણુભાઈને મનમાં ઊંડે ઊંડે એવું લાગતું હતું કે, વિનય આ છોકરી સાથે જ લગ્ન કરવાનો લાગે છે. એમણે માલિનીની જ્ઞાતિ જાણી લીધી. જમ્યા પછી વિનય માલિનીને મૂકવા સરકારી ક્વાર્ટર પર ગયો. “માલિની,” વિનયે પૂછ્યું, “હું તો કલેક્ટર તરીકે વલસાડ છું, શનિ-રવિ જ અહીં આવવાનું બને છે. આજે પહેલી જ વખત આવ્યો, અને તું મળી ગઈ! કેવું લાગ્યું મારું ઘર?’’ ‘‘એ તો તારા પપ્પાનું ઘર છે,”માલિની બોલી, “તારું ઘર ક્યાં?’’ “તું હા પાડે,” વિનય હસ્યો, “તો મારું, સોરી, આપણું ઘર પણ થઈ જશે તરત જ.”

“મારી હા છે,” માલિની બોલી, “પણ મને નથી લાગતું કે તારા પપ્પા મને સ્વીકારે.”

“તો આપણે સુરત જઈને કોર્ટ મેરેજ કરી લઈશું,” વિનય બોલ્યો, “પપ્પાનો ગુસ્સો લાંબો સમય નહીં રહે. એકાદ વર્ષમાં તો બધું બરાબર થઈ જશે.” “ભલે,” માલિની બોલી, “તો, કર તારા પપ્પાને વાત.” વિનયે એ જ રાત્રે ગુણુભાઈને વાત કરી ને ગુણુભાઈ પણ એની જ રાહ જોતા હતા! “જો દીકરા, ” ગુણુભાઈ બોલ્યા, “બાપ તરીકે તને ઉછેરવાની જવાબદારી મારી હતી. હવે તું તને ગમતી છોકરી જોડે લગન કરે તો હું શું કરી શકું? હા, એટલું નક્કી કે લગન પછી તમે બન્ને અહીં ન આવતાં. મને મારી બતાવેલી છોકરી સાથે તેં લગન ન કર્યા એ નથી ગમ્યું. તારી મરજી, પણ ઘર મારું છે, તમને હું આવકારવાનો નથી એ નક્કી. જા હવે.”

ત્રીજા જ દિવસે માલિની અને વિનય સુરત ગયાં. વિનયે અશ્વિનભાઈને ફોન કરી દીધો હતો એટલે એ હાજર જ હતા ને કોર્ટમાં સાથે જઈને એમણે બન્નેના લગ્ન કરાવી આપ્યા. શુકનના એક એક હજાર રૂપિયા પણ બન્નેને આપ્યા.

ઘેર જવાનું તો હતું નહીં એટલે એ રાત્રે વિનય માલિનીના ક્વાર્ટરમાં જ રોકાયો. બન્નેની મધુરજની એ ક્વાર્ટરમાં ઉજવાઈ ! બીજા દિવસે વિનય વલસાડ જવા નીકળી ગયો. માલિની પણ એની ફરજ પર હાજર થઈ ગઈ.

ગુણુભાઈને વિનયના વર્તનથી જે આઘાત લાગ્યો, એ આઘાત એ જીરવી શકે એમ નહોતા. જે દીકરાને સાવ નાનપણથી ઉછેરીને પોતે મોટો કર્યો, જેના બધા મોજશોખ પૂરા કર્યા, જરૂરિયાતો પૂરી કરી, એ જ દીકરો, જ્યારે પોતાની વૃધ્ધાવસ્થામાં પોતાને ન ગમતું કરી બેઠો!

આડોશ-પાડોશમાં પણ બધાને ખબર પડી ગઈ કે, ગુણુભાઈના વિનયે અહીંની તાલુકા ડેવલપમેન્ટ ઓફિસર સાથે લગ્ન કરી લીધા. જો કે કોઈને એમાં અજુગતુ ન લાગ્યું.

ગુણુભાઈ રોજની જેમ મંદિરે જવા નીકળ્યા પણ એમનું શરીર કામ નહોતું કરતું. સોસાયટીની વચ્ચે જ એ બેભાન થઈને ઢળી પડયા.

તરત જ પાડોશીઓ ભેગા થઈ ગયા, ને ૧૦૮ બોલાવી, ગુણુભાઈને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં દાખલ કર્યા. એક પાડોશીએ માલિનીને પણ જાણ કરી દીધી.

માલિની તરત જ હોસ્પિટલ પહોંચી ગઈ. ગુણુભાઈ બેભાનાવસ્થામાં જ હતા.

“જોઈએ,” ડૉક્ટરે કહ્યું, “બ્રેન સ્ટ્રોક લાગે છે પણ કદાચ જાતે જ ભાનમાં આવી જાય, બાકી આ પ્રકારના પેશન્ટ....’’ માલિની સમજી ગઈ. એ કશું બોલી ન શકી પણ એની આંખમાંથી આંસુ સરી પડ્યાં. એ ગુણુભાઈના પલંગ પાસે ખુરશી નખાવીને બેસી પડી. એણે વિનયને ફોન કરી દીધો. વિનય પણ સાંજના આવી પહોંચ્યો. ‘‘વિનય,” માલિની બોલી, “પપ્પા સાજા ન થાય ત્યાં સુધી હું એમની પાસે બેસીશ. તું ઘેર રહેજે. આપણા કવાર્ટર પર. કદાચ તને જોઈને એ ગુસ્સે થઈ જાય.” વિનય અડધો કલાક બેસીને કવાર્ટર પર ગયો.

સમય પસાર થતો ગયો. ત્રીજા દિવસે ગુણુભાઈ ભાનમાં આવ્યા. એમણે ચારે બાજુ નજર ફેરવી. બાજુમાં માલિનીને બેઠેલી જોઈને એ ચમક્યા. “ગુણુભાઈ,” ડૉક્ટર બોલ્યા, “આ તમારી દીકરી ત્રણ દિવસથી રાત અને દિવસ તમારી પાસે જ બેઠી છે. એને ખાવા-પીવાનું પણ ભાન નથી. સતત એ તમારી સારવારમાં જ લાગેલી છે. કદાચ એની સેવાથી જ તમે પાછા ભાનમાં આવી ગયા છો, ને હવે તમે ભયમુક્ત છો!”

ગુણુભાઈ તો આશ્ચર્યથી માલિની સામે જોઈ રહ્યા. માલિની પણ એમને જોઈ રહી પણ એની આંખ આગળનાં આંસુના પડદાના લીધે એ બરાબર જોઈ ન શકી. ગુણુભાઈએ એને નજીક બોલાવીને એના માથા પર હાથ ફેરવ્યો.

“હું ખોટો હતો દીકરી,” ગુણુભાઈ બોલ્યા, “આવી સેવા તો મારી દીકરી જ કરી શકે. મારો નાલાયક દીકરો ક્યાં ગયો ?’’ “એ અહીં જ છે.” માલિની બોલી, “તમારી બીકે એ બહાર જ રહે છે.”

“બોલાવ બોલાવ એને,” ગુણુભાઈ બોલ્યા, “મારે એની માફી માગવી છે.” “પપ્પા,” રૂમમાં પ્રવેશતાં વિનય બોલ્યો, ‘‘એવું ન બોલો.’’ “તારી મમ્મીના ગયા પછી હવે આપણું ઘર પહેલાં જેવું બનશે બેટા,” ગુણુભાઈ બોલ્યા, ‘‘મારે હવે આ જુદાપણાથી પર થઈને આપણામાં જ સરભર થવું છે, એટલે હવે આપણે ઘેર જવાનું છે. જા, ડૉક્ટરને પૂછી જો, રજા ક્યારે આપશે.”

(શીર્ષકપંક્તિઃ શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર)